# સરદાર પટેલ યુનિવર્સિટી

## કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા

## નો ટિ સ

કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા **તારીખ:૧૬/૩/૨૦૨૦ ના રોજ બપોર પછી ૩.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ હોલ(ગ્રાઉન્ડ ફ્લોર)માં મળશે.

## કા ર્ય સૂ ચિ

૧. તારીખ:૧૭/૦૭/૨૦૨૦ના રોજ મળેલ કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

(નોંધ:- તારીખ:૧૭/૦૭/૨૦૨૦ના રોજ મળેલ કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવી.)

૨. કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં લેવાનારી સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમોની તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

૩. કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ-૧)**

અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે કાંઇ રજૂ થાય તે.

મદદનીશ કુલસચિવ

નંબર: ડી/એ-૧૭/ ૫૫૭૪
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૮/૩/૨૦૨૧

પ્રતિ:
કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ તથા કાયદાશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતકના તમામ વિષયોની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટી પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટીની વેબસાઇટ(નોટિસ અનુ સરક્યુલર) પર મૂકવા સારૂ.